## પ્રકરણ : (૨)

## પાત્રવિધાન

ભવાઈમાં 'વેશ' શબ્દના બે અર્થ જોવા મળે છે.

(૧) વેશ એટલે 'પ્રયોગ' ભવાઈ વેશ એટલે 'ભવાઈ પ્રયોગ'. ''આજે કયો વેશ ભજવવાના છો?'' એવો પ્રશ્ન પૂછાય ત્યારે પ્રયોગના નામ સાથે 'વેશ' શબ્દ જોડી પ્રયોગની જાણ કરવામાં આવે છે, જેમ કે -

જૂઠણનો વેશ, જશમા ઓડણનો વેશ, ઝંડા ઝૂલણનો વેશ - વગેરે, અર્થાત્ જે પાત્રને કેન્દ્રમાં રાખીને રજૂ થતો પ્રયોગ તે વેશ.

(૨) વેશ શબ્દનો બીજો અર્થ 'પાત્ર' થાય છે. ભવાઈમાં કોઈ પાત્ર આવવાનું હોય ત્યારે તેનો સંકેત કરતું આવણું ગવાય છે અને તે સાથે જ પાત્ર નૃત્યના ઠેકા સાથે આવણું ગાતું પ્રવેશ કરે છે. તેને 'વેશ આવ્યો' એમ કહેવામાં આવે છે. ભવાઈમાં પાત્રને બદલે 'વેશ' સંજ્ઞા પ્રયોજવામાં આવે છે. અર્થાત ભવાઈમાં પાત્ર નહીં પણ જે તે પાત્ર જેવો પોષાક પહેરી, રંગભૂષા સજી 'વેશ' આવે છે.

નાટયના અન્ય પ્રકારોમાં પાત્રને ચરિત્ર ( character ) તરીકે ઓળખવામાં આવે છે. વાસ્તવદર્શી નાટકમાં નટ મંચ પર આવી મૂળ પાત્ર જેવો આભાસ ઊભો કરે છે. તે પાત્ર સાથે અનુસંધાન સાધી સાક્ષાત્ ચરિત્ર

બનીને આવે છે. નટ સંપૂર્ણ પણે પાત્ર બની જતો હોય તેવો આભાસ ઉત્પન્ન કરે છે.પરંતુ ભવાઇમાં નટ પૂર્ણ પણે પાત્ર બનતો નથી. જેમકે મણિબા સતી બનતા મણિભાઇ નાયક પોતાના મણિભાઇ તરીકેના વ્યક્તિત્વને જાળવી રાખે છે અને મણિબા સતીનું નિદર્શન કરતાં હોય તે રીતે મણિબા સતીનું પાત્ર (વેશ) રજૂ કરે છે. એટલે અહીં તાદાત્મ્ય નહીં પણ નિદર્શન કેન્દ્ર સ્થાને છે.

'પરિત્રાણ' નાટકમાં કૃષ્ણનું પાત્ર ભજવતા નટ શરીર, વાણી, લાગણી અને બુદ્ધિના સમન્વયથી પાત્ર બનીને કૃષ્ણનો આભાસ ઉભો કરે છે. પ્રેક્ષકોને મંચ પર 'કૃષ્ણ' પ્રગટ થયા હોય તેવી અનુભૂતિ થાય છે. પરંતુ ભવાઇના 'કાન ગોપી'ના વેશમાં નટ કૃષ્ણનો આભાસ ઉભો કરતાં નથી. તેમણે (નટે) કૃષ્ણનો 'વેશ' લીધો છે, એમ સ્પષ્ટપણે વર્તાય છે. મૂળ કૃષ્ણનો અથવા તો પ્રેક્ષકો જેને કૃષ્ણ તરીકે ઓળખે છે તે કૃષ્ણનો આભાસ ઊભો કરવાનો પ્રયત્ન થતો નથી.

અર્થાત્ ભવાઇમાં ગણપતિ નથી આવતા, તેમનો વેશ આવે છે. બ્રાહ્મણ, વાણિયા કે જુઠણ આવતા નથી પણ તેમનો વેશ આવે છે. એમ સ્પષ્ટપણે જણાય છે. આમ ભવાઇનું પાત્ર (વેશ) એટલે મૂળ પાત્રનો આભાસ નહીં પણ તેનું નિદર્શન.

ભવાઇમાં આવતાં પાત્રોને સામાન્ય રીતે બે વિભાગમાં વહેંચી શકાય.

(૧) વ્યક્તિનું પ્રતિનિધિત્વ કરતાં પાત્રો

(૨) વર્ગનું પ્રતિનિધિત્વ કરતાં પાત્રો

ગણપતિનો વેશ કાન - ગોપીનો વેશ, કાળીનો વેશ, કાળકાનો વેશ (પતાઇ રાજાનો વેશ), શંકર ભીલડીનો વેશ, રામ લક્ષ્મણનો વેશ, વગેરે વેશોમાં આવતાં ગણપતિ, કાન ગોપી, કાળી જેવા પુરાણ પ્રસિદ્ધ પાત્રો તેમનાં ચોકકસ નામ ધરાવે છે. આમ આ વેશો ચોકકસ વ્યક્તિનું પ્રતિનિધિત્વ કરે છે.

સિદ્ધરાજ જયસિંહ, રામદેવ વગેરે ઐતિહાસિક પાત્રો પોતાની વ્યક્તિગત ઓળખ ધરાવે છે. કેટલાક ઇતિહાસ પ્રસિદ્ધ પાત્રો સાથે કાલ્પનિક પાત્રો મૂકી વેશ રચવામાં આવ્યાં છે, જેમ કે :-

જશમા ઓડણના વેશમાં સિદ્ધરાજ જયસિંહ જેવા ઇતિહાસ પ્રસિદ્ધ પાત્ર સાથે રૂડિયો, જશમાં જેવાં લોકકથામાં આવતાં પાત્રોને જોડી દેવામાં આવ્યાં છે. પરંતુ સમગ્ર વેશમાં ક્યાંય વિસંગતતા જણાતી નથી. ઇતિહાસ પ્રસિદ્ધ અને લોક પ્રસિદ્ધ પાત્રો વચ્ચે સંવાદિતા જળવાય છે.

ઇતિહાસ પ્રસિદ્ધ, લોક પ્રસિદ્ધ તેમજ કાલ્પનિક પાત્રો જેવાં કે સિદ્ધરાજ જયસિંહ, રત્ના હમીર, શુરો, રામદેવ, જશમા, રૂડિયો, મણિબા સતી વગેરે પાત્રો પોતાની વ્યક્તિગત ઓળખ ધરાવે છે. આ તમામ પાત્રોની પોતાની આગવી સંજ્ઞા છે. એટલે તેઓ જે તે વ્યક્તિનું પ્રતિનિધિત્વ કરતાં પાત્રો છે.

સામાજિક વેશોમાં પણ વ્યક્તિનું પ્રતિનિધિત્વ કરતાં પાત્રો જોવા મળે છે, જેમ કે -

જૂઠણ, ઝંડા - ઝૂલણ, તેજાં, અડવો, મૂળચંદ, કજોડાના વેશના ઠાકોર, ઠકરાણાં વગેરે પાત્રો ચોકકસ વ્યક્તિની સંજ્ઞા ધરાવે છે. પોતાની આગવી ઓળખ ધરાવે છે. આમ તેઓ ચોકકસ વ્યક્તિનું પ્રતિનિધિત્વ કરતાં પાત્રો છે.

ઉપરોકત દર્શાવેલ ભવાઇનાં પાત્રો વ્યક્તિનું પ્રતિનિધિત્વ તો કરે જ છે. સાથે સાથે તેઓ પરોક્ષ રીતે વર્ગનું પણ પ્રતિનિધિત્વ કરે છે. તેમના નામો જોતાં તેઓ ચોકકસ વ્યક્તિત્વ ધરાવતા જણાય છે. પરંતુ તેમનાં વર્તન, વ્યવહાર અને ચરિત્ર જોતાં તેઓ સમાજમાં જોવા મળતાં અનેક પાત્રોનું પ્રતિનિધિત્વ કરતાં જણાય છે. જેમ કે - જશમા જેવી અનેક સ્ત્રીઓ સમાજમાં જોવા મળે છે, કે જેમનું સૌંદર્ય તેમના માટે શાપ રૂપ પુરવાર થયું હોય ! ઉચ્ચ સત્તાધિશોની મેલી નજર તેમનાં ઉપર

પડી હોય. અને પોતાના નૈતિક મૂલ્યો જાળવવા તે સ્ત્રીઓને સંઘર્ષ કરવો પડતો હોય .

ભવાઈમાં કેટલાંક પાત્રો એવાં પણ છે કે જેઓ પોતાના અંગત નામ - ઓળખ ધરાવતાં નથી પરંતુ ચોકકસ વર્ગની ઓળખ ધરાવે છે. બ્રાહ્મણ, વાણિયો, દરજી, કુંભાર, સરાણિયો, ઢેડ, કંસારો, ભોઈ, પુરબિયો, મણિયારો, જોગી - જોગણ, કાબો, સાધુડો, મારવાડણ, મહિયારો વગેરે પાત્રો જે તે જ્ઞાતિ કે વર્ગનું પ્રતિનિધિત્વ કરે છે.

કેટલાક પાત્રો જે તે સમયના દાસ, દાસી કે અધિકારી વર્ગમાંથી આવે છે, જેમ કે ઈન્દ્રની અપ્સરાઓ, સિધ્ધરાજનો બારોટ, મણિબા સતીનાં માળી-માલણ, છેલબટાઉનો પેગ, ઝંડાનો ડાગલો, ઈન્દ્રનો સેવક, પતાઈ રાજાનો પ્રધાન વગેરે. આ પાત્રો સંસ્કૃત નાટકોમાં આવતા વીટ ચેટ, સંવાહક જેવા વર્ગનું પ્રતિનિધિત્વ કરતાં પાત્રોનો અણસાર આપે છે. આમ સંસ્કૃત નાટકોમાં સામાન્ય પણે જોવા મળતી, વર્ગનું પ્રતિનિધિત્વ કરતાં પાત્રોની પ્રણાલિનું સાતત્ય ભવાઈમાં દૃષ્ટિગોચર થાય છે.

ભવાઈમાં આવતાં પાત્રોને ત્રણ કક્ષામાં વહેંચી શકાય. (૧) મુખ્ય પાત્રો (૨) હાસ્ય નિષ્પન્ન કરતાં પાત્રો (૩) ગૌણ પાત્રો.

kalpana's

મુખ્ય પાત્રોમાં પુરુષવેશો અને સ્ત્રી વેશો એમ બે પ્રકારના પાત્રો જોવા મળે છે. ભવાઇના પેડા (મંડળ) ના અનુભવી અને અભિનય કૌશલ્ય ધરાવતા, ગીત-સંગીત ના જાણકાર, મધુર તથા પ્રભાવશાળી અવાજ ધરાવતા નટો મુખ્ય વેશો ભજવે છે.

ડાગલો, જુઠણ, બાદર, રંગલો, પતાઇ રાજાના વેશનો પ્રધાન વગેરે પાત્રો હાસ્ય નિષ્પન્ન કરે છે. આ પાત્રો ભવાઇના મહત્વના અંગ જેવાં છે. હાસ્ય રસ ભવાઇનો પ્રધાન રસ છે. ભવાઇના ખૂબજ કુશળ અને અંગચાપલ્ય ધરાવતા, ત્વરિત સંવાદો યોજવાની ક્ષમતા ધરાવતા, હાજર જવાબી અને ગીત સંગીતના જાણકાર એવા હાસ્ય નટોનો એક વર્ગ ભવાઇના કલાકાર વૃંદમાં હોય છે. આ વર્ગને 'ભાથી' નામથી ઓળખવામાં આવે છે. આ 'ભાથી' હાસ્ય નિષ્પન્ન કરતાં પાત્રો રજૂ કરે છે. આ પાત્રો સંસ્કૃત નાટકના વિદૂષકની યાદ અપાવે છે.

ભવાઇમાં નવા આવેલા નટો, તથા અભિનય સિવાય ગાયન-વાદન જેવી કામગીરીમાં મદદ કરતાં નટો ગૌણ પાત્રોમાં જોવા મળે છે.

ભવાઇના પાત્રોની વિવિધતા, તેમનું મહત્વ ને વિશેષતાની જાણકારી મેળવવા માટે કેટલાંક મહત્વનાં પાત્રો તપાસીએ.

<u>ગણપતિ</u> : હિન્દુ ધર્મના શુભ - માંગલિક પ્રસંગોમાં, ધાર્મિક વિધિઓમાં ગણેશની પૂજા સૌ પ્રથમ થાય છે. ગણપતિ વિઘ્નહર્તા છે, શુભનું પ્રતીક છે. ભવાઇનો મંગલ પ્રારંભ ગણપતિના પાત્રથી થાય છે. 'ગણપતિ' એ ધાર્મિક પૂજાવિધિના સ્વરૂપમાં રજૂ થતું પાત્ર છે. ગણપતિનું આવણું ગવાય (આવણામાં ગણપતિની સ્તુતિ ગવાય) એટલે ગણપતિનું પાત્ર નૃત્ય કરતું પ્રવેશે છે. ભવાઇના ચોકમાં ગોળાકાર ફરી ભવાઇની ભૂમિને આશીર્વાદ આપે છે, જેને 'પડ બાંધ્યું' કહે છે. ભવાઇના પ્રયોગો વિના વિઘ્ને પૂર્ણ થાય ને ભાવકો (યજમાનો) તેને મન ભરીને માણે એવી શ્રદ્ધાથી ગણપતિનું પાત્ર રજૂ થાય છે.

<u>કાળી</u> : કાળીનું પાત્ર પણ ધાર્મિક વિધિના એક ભાગ રૂપે રજૂ થાય છે. ભવાઇ વેશો (પ્રયોગો) માં રજૂ થતું સંવાદ કરતું આ પ્રથમ પાત્ર છે. કાળીના પાત્ર દ્વારા ભાવકોનું ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે. ભવાઇની નિંદા કરનારને ચેતવણી તથા ભવાઇ ભાવથી જોનારને આશીર્વચન તથા ભવૈયાઓને દાન આપવા ભાવક - યજમાનોને માનસિક રીતે તૈયાર કરવા એમ ત્રણ હેતુ સિદ્ધ કરવાના આશયથી કાળીનું પાત્ર રજૂ થતું હશે એમ કાળીના સંવાદો જોતાં ફલિત થાય છે, જેમ કે -

kalpana's

(૧) નાયક : તારે શું જોઇએ

કાળી : કલ્લાં ને કાંબી

નાયક : તેતો અંબામાં આપે.

કાળી : ભવાઇની નિંદા કરનારનું માથું ભાંગે.[1]

(૨) કાળી : ગામ આખાનો રોગ જજો દોગ જજો

ભઇ ભાવે ભવાઇ કરજો.

માતાજીને નમન કરજો.[2]

<u>બ્રાહ્મણ</u> : ભવાઇમાં હાસ્ય નિષ્પન્ન કરાવતો પ્રથમ વેશ તે બ્રાહ્મણનો વેશ. ભવાઇ પ્રયોગોના પ્રારંભમાં જ સમાજના અગ્રણી એવા 'બ્રાહ્મણ વર્ગ'ના અજ્ઞાન અને દંભને લોકો સમક્ષ ખૂલ્લાં પાડવાનું આ પાત્રનું પ્રયોજન છે. અજ્ઞાની હોવાં છતાં જ્ઞાની હોવાનો ડોળ કરતા, ગ્રંથોના થોથા ઉથલાવતા અને આમ જનતાને છેતરતા આવા પાત્રો આજે પણ સમાજમાં જોવા મળે છે. બ્રાહ્મણના વેશનો બ્રાહ્મણ, તેનું ટીપણું (પંચાગ) 'તુલસી કયારે' નમાજ પઢતાં કે 'મસ્જીદમાં વેદ ભણતાં' ભૂલ્યો છે એમ જણાવે છે. છેવટે લાંબુ ટીપણું કાઢે તો છે, પરંતુ 'એમાં શું લખ્યું છે?' એમ પ્રશ્ન પૂછતાં -

''કાળા કાળા તે મકોડા ને રાતી રાતી તે ધીમેલો''[3]

- એમ જવાબ આપે છે. બ્રાહ્મણ વર્ગના અજ્ઞાન, દંભ અને છેતરપીંડી ઠઠ્ઠાચિત્ર દ્વારા દર્શાવવાનો આ પાત્રનો હેતુ છે.

જૂઠણનો વેશ :

જૂઠણ : જૂઠણની પૂર્વકથા અનુસાર તે શાહજાદો હતો. તેને હિન્દુ સ્ત્રી સાથે પ્રણય થયો. તેની પ્રેયસી હિન્દુ હોવાને કારણે જૂઠણ સાથે જઇ શકતી નથી. પરિણામે તે ફકીર થયો છે. આમ જૂઠણની પૂર્વકથા કરુણ છે, પરંતુ રજૂ થતો વેશ હાસ્યની છોળો ઉડાડે છે. જૂઠણ પોતાની ઓળખાણ દિલ્હીના બાદશાહ તરીકે આપતાં કહે છે. -

''દેખો મે હેરા દલીકા બાદશા
મેરી હુઇ શાદી, ઘર આયી ઘરવાલી''[૪]

કેટલાંક પ્રયોગોમાં જૂઠણ પોતાની ઓળખાણ બલ્ખ બુખારાના બાદશાહ તરીકે આપે છે.

''બલખ બુખારા કે બાદશા
શેખ હુસેન ઉનકા નામ
ઉઠ ફકીરી લે ચલે
જૂઠણ ધરાયા નામ''[૫]

Kalpana's

જૂઠણ બલ્ખ બુખારાનો રાજકુંવર હતો. એક યુદ્ધમાં ઊંટને મરતાં જોઇ આઘાત પામ્યો, જેથી ફકીર બની આત્મખોજ કરવા નીકળી પડ્યો હતો.

પ્રો.જનક દવેના મતે સમરકંદ બુખારાના બાદશાહ તરફથી તેને ફાંસીની સજા થતાં એ ગાંડા કાઢવા માંડે છે અને એમ ગાંડા કાઢતાં ડાહી વાતો કરવા માંડે છે.[6]

જૂઠણ તેની હાસ્યાત્મક ચેષ્ટાઓ સાથે ભક્તિની, એકતાની અને તત્ત્વજ્ઞાનની વાતો કરે છે, જેમ કે :

(૧) ''હાથી ઘોડા સબ જાયેંગે દાટે રહેંગે દામ
ચેતનવાલા ચેતીયો યે દુનિયા ફના મકાન[7]

(૨) એકારા ભાઇ એકારા
સાહેબ કે ઘરમેં એકારા[8]

સમાજમાં ભલે ન્યાત જાતના કે ધર્મના ભેદભાવ હોય પણ સાહેબના ઘરમાં તો 'એકારો' જ છે એમ જૂઠણ કહે છે. જૂઠણનું પાત્ર 'ડાગલો' અથવા 'હરાયો' ના નામથી પણ ઓળખાય છે. ભવાઇ પેડાનો ભાથી (હાસ્ય નટ) આ પાત્ર રજૂ કરે છે. આ પાત્ર પ્રેક્ષકોને હાસ્યથી તરબોળ કરી મૂકે છે. જૂઠણના પાત્રનો દોરી સંચાર તેના નટના હાથમાં

હોય છે. વધુમાં વધુ શિઘ્ર સંવાદો આ વેશમાં યોજાય છે. પરિણામે જૂઠણનો પ્રત્યેક પ્રયોગ કેટલાક અંશે ભિન્ન તરી આવે છે.

જૂઠણની જોરૂ : ભવાઇના પ્રયોગમાં આવતું પ્રથમ સ્ત્રી પાત્ર છે. તેનું આવણું આકર્ષક છે. બંન્ને હાથમાં સળગતી કાકડી (જાડી દીવેટ) લઇ નૃત્ય કરતું કરતું આ પાત્ર પ્રવેશ કરે છે. નૃત્યના અંગ મરોડ દ્વારા અનેક આકર્ષક ચિહ્નો સર્જે છે. ભવાઇમાં હાસ્ય રસ સાથે શૃંગારનું ઉમેરણ કરતું પાત્ર છે. જૂઠણ સાથેના તેના ગદ્યાત્મક, પદ્યાત્મક તેમજ અપદ્યાગદ્યાત્મક સંવાદો દ્વારા તેમના પ્રણયની ઝાંખી થાય છે, જેમ કે -

(૧) સસરો દેખે સાસુ દેખે
દિયર સુએ માળે
હિન્દવાણીનો ખપ પડે તો
આવજે પીલુ ગાળે [૯]

આમ જોરૂ હિન્દુ છે અને જૂઠણ મુસ્લિમ ધર્મી છે, તેમ છતાં બંને વચ્ચે પ્રેમ છે, જેમ કે -

હે તરકડીયા હે તરકડીયા
કહે તો લાવું માણેક મોતી
કહે તો લાવું મેવા
કાચી કલીઓ સેજ બિછાવું
કરું તમારી સેવા [૧૦]

વગેરે

અડવો – ઝંડા ઝૂલણનો વેશ :

અડવો : આપણા સમાજની કુરૂઢિઓનું પ્રતીક તે અડવો વાણિયો. પોતે તો છે વૃધ્ધ, મૂર્ખ, કાયર પરંતુ શ્રીમંત હોવાને કારણે નવયુવાન ચંચળ યુવતી, તેજાં સાથે પરણ્યો છે. અડવો વૃધ્ધ અને કાયર હોવાને કારણે યુવાન પત્નિ તેજાંને માનસિક તેમજ જાતીય સંતોષ આપી શકતો નથી. પ્રેક્ષકો માટે અડવો એક હાસ્યાસ્પદ પાત્ર બની રહે છે. નાયક તેનું નામ પૂછે ત્યારે તે ''અમારે દેવાળે દેવાળે નવા નામ'' એમ જવાબ આપે છે આમ તે પ્રજાને છેતરતા, દેવાળીયા વણિક વર્ગનું પ્રતિનિધિત્વ કરે છે. સાંપ્રત સમાજમાં આવો પાત્રો જોવા મળે છે.

તેજાં : અડવા વાણિયાનો સોળ વર્ષનો યુવાન પત્નિ તેજાં કે જેનામાં યૌવનનો થનગનાટ છે. લગ્નજીવન માણી લેવાની ઇચ્છાઓ સાથે સાસરે આવેલ તેજાંને એંશી વર્ષનો વૃધ્ધ પતિ મળ્યો છે. સ્ત્રી જાતિને સમાજ તરફથી થતા અન્યાય સામેનો પોતાનો આક્રોશ તે ગોરમાના ગરબામાં આ રીતે ઠાલવે છે.

o બેજી મારી ગોરમા<br>
હુંતો ગણપતિને લાગુ પાય<br>
વિધાતાને વિનવું રે લોલ<br>
બેજી મારી ગોરમા .........

આ શો રે આલ્યો અવતાર
અભાગા નારનો રે લોલ

૦ એ સોળ વરસે હું ગઇ સાસરે
અને વળી મેં જાણ્યું ભોગવીશું જોને ભરથાર
પણ આ ભરથારમાં મેં બીજું કાંઇ ન ભાળ્યું
મારા નયને આંસુડાની ધાર

૦ ઓશીકું મારું ઓશીયું કરે
અને મારી સેજ ખાવા જોને ધાય
નબળા ધણીની સોડમાં
રોતાં વહી ગઇ ધાર[11]

આમ યૌવન માણવાની આશાએ સાસરે આવેલી આ યુવાન તેજાંએ કઇં કેટલાંય સ્વપ્નો જોયાં હશે. એ સ્વપ્ન સમાજની કુરૂઢિઓને કારણે ભાંગીને ભૂકકો થઇ જવાને લીધે સમાજે ઘડેલા નીતિ-નિયમો સામે બંડ પોકારી રૂઢિયુક્ત હિન્દુ વણિક ઘરની વધૂ હોવા છતાં તે મુસ્લિમ કોટવાળ ઝંડા સાથે પ્રણય સંબંધ બાંધે છે, કે જે સમાજમાં સ્વીકૃત નથી. શૃંગાર તથા કરૂણ રસની ઉભય અનુભૂતિ આ પાત્ર દ્વારા પ્રેક્ષકોને થાય છે.

ઝંડા ઝૂલણ : દિલ્હીના બાદશાહ દ્વારા ઊંઝા ગામમાં નિમાયેલ કોટવાળ છે કે જે તેના સેવક ડાગલા સાથેના સંવાદો જોતાં એક જવાબદાર અધિકારી, ચરિત્રવાન કવિ, તત્વચિંતક જેવો લાગે છે.

બંદે બહોત ન ફુલીએ, ખુદા ખમેગા નહિ
જોર જુલમ કિજે નહિ મસ્ત લોગ કે માંહિ
મસ્ત લોગ કે માંહિ તુજરવા તુરત બતાવે
જો નર કરે ગુમાન સો નર ખતા ખાવે
કહે દીન દરવેશ સુન બે ગાફલ ગંદા
ખુદા ખમેગા નહિ, બો'ત મત ફુલો બંદા[૧૨]

આવો ઉમદા ચરિત્ર ધરાવતો ઝંડો પોતાના સેવક ડાગલાને સલાહ આપે છે.

રૂપિયેકા વ્યાજ મત ખાના
પરસ્ત્રી હાથ ન લગાના[૧૩]

ને છતાં એજ ઝંડો અડવાની પત્ની તેજાં સાથે પ્રેમમાં પડે છે. તેજાં સાથેના તેના આડા સંબંધોને કારણે સમાજ દ્વારા હડધૂત થયેલો, અપમાનિત થયેલો ઝંડો અંતે ફકીર બની જાય છે. ભવાઇ વેશોના પુરૂષ પાત્રોમાં સૌથી વધુ પ્રભાવશાળી પાત્ર ઝંડા ઝૂલણનું છે.

જશમા ઓડણનો વેશ :

ઇન્દ્ર : ઇન્દ્રનું પાત્ર ભારતીય પ્રેક્ષકો માટે અજાણ્યું નથી. પૌરાણિક ગ્રંથોમાંનો ઇન્દ્ર એટલે સત્તા, મહત્વ, ઇન્દ્રાસન બચાવવા માટે વારંવાર ષડ્યંત્ર કરતો એક મુત્સદી છે. જશમા ઓડણના વેશમાં પણ ઇન્દ્રની એવીજ મુત્સદી તરીકેની ભૂમિકાનાં દર્શન થાય છે.

તપશ્ચર્યા કરવા આવેલા નારાઋષિને તે આવકારે છે. સ્વર્ગમાં તપ કરવા માટેની જગ્યા વગેરેની વ્યવસ્થા ગોઠવી આપે છે. પરંતુ ઋષિની કઠોર તપશ્ચર્યાને કારણે પોતાનું સર્વોપરિ પદ છીનવાઇ જશે એ ભયે પોતાની અપ્સરાઓ દ્વારા ઋષિનો તપોભંગ કરાવે છે. તપોભંગ થયેલા નારાઋષિ અને અપ્સરા કામકુંડલા બંને પરસ્પર શાપને કારણે પૃથ્વી પર રૂડિયો અને જશમા તરીકે જન્મે છે. આમ જશમા ઓડણની કથાની પૂર્વભૂમિકા ઇન્દ્રના પાત્ર દ્વારા રચાય છે.

રૂડિયો : જશમાનો પતિ રૂડિયો પોતે કુરૂપ, કાળો, કુબડો છે. લગ્નવિધિ દરમ્યાન તે હાસ્યાત્મક ચેષ્ટાઓ કરે છે. પરંતુ લગ્ન બાદ એક પ્રેમાળ પતિ તરીકેની ભૂમિકામાં દેખાય છે.

ઓડ દંપતી : (૧) યુવાન દિકરીના લગ્નની ચિંતા દરેક માબાપને હોય છે. જશમાના માતા પિતા ઓડ દંપતિ આવાંજ પાત્રો છે. પોતાની જ્ઞાતિના પણ અજાણ્યા એવા ઓડ દંપતિની વાત ઉપર આંધળો વિશ્વાસ મૂકી, તેમના પુત્રને જોયા વિના તેની સાથે જશમાનું વેવીશાળ ગોઠવી લગ્ન નક્કી કરે છે. પરંતુ લગ્નના દિવસે કઢંગા - કુબડા મુરતીયાને જોતાં બંને આંચકો અનુભવે છે. સમાજમાં દિકરીને ભારરૂપ ગણનારા અને ઝટ પરણાવી દેવાની ઇચ્છા રાખનારા આવા મા-બાપો સામે ઓડ દંપતિના પાત્રો ચેતવણી રૂપ છે.

ઓડ દંપતી : (૨) પોતાના કુબડા પુત્ર માટે રૂપકડી વહુ લાવવા જૂઠું બોલવું, લગ્નના આ સોદા માટે કન્યા પક્ષ તરફથી જેટલો મળે તેટલો આર્થિક લાભ લેવો. તે માટે છેતરપીંડી કરવી. સમાજમાં આવા પાત્રો આજે પણ જોવા મળે છે. ઓડ દંપતિ (૨), તે સમાજના આવા પાત્રોનું પ્રતિનિધિત્વ કરે છે.

બારોટ : રાજા સિદ્ધરાજ જયસિંહના દરબારનો બારોટ જશમાને જોઇ તેના લાવણ્યનું કાવ્યાત્મક શૈલીમાં રાજા સમક્ષ વર્ણન કરે છે. રાજાના મનમાં જશમાને મેળવવાની ઇચ્છા જગાડે છે.

kalpana's

સહસ્રલીંગ સરોવર બંધાવવાને બહાને ઓડ લોકોને પાટણ બોલાવવા સલાહ આપે છે. રાજ-રજવાડામાં આવા બારોટો રહેતા જે રાજાઓને પોરસ ચઢાવે, તેમનો ખુશામત કરે તેવાં કાવ્યો રચતા, પોતાના રાજાને અધિકારીને ખુશ રાખવા જાતજાતના પેંતરા રચતા આવા ખુશામતખોર પાત્રો આજે પણ સમાજમાં જોવા મળે છે. જશમા ઓડણના વેશનો બારોટ આવુંજ ચરિત્ર ધરાવે છે.

જશમા : ભારતીય ઐતિહાસિક, પૌરાણિક સાહિત્યમાં સતો સ્ત્રીઓની અનેક કથાઓ છે. જશમા એવુંજ સતીત્વથી ઓપતું પાત્ર છે. બારોટે રાજા સમક્ષ કરેલા વર્ણન અનુસાર તે 'પદમીની નાર' છે. નીતિમત્તાના ઉચ્ચ મૂલ્યો ધરાવતું સ્ત્રી પાત્ર છે. લગ્નની જાનમાં કઢંગો - કુબડો મુરતીયો જોતાં જશમાના માતા - પિતા જાનને પાછો કાઢે છે. પરંતુ જશમા કે જે આવનાર અદોઠ્યા વરને મનથી વરો ચુકો છે, તે જાનને પાછી બોલાવડાવી તેની સાથે લગ્ન કરે છે.

જશમા : આશા ભરેલો વર આવોયો ને
વર્યાં વિના પાછો કેમ જાય
એ રે જાન્યોને પાછી બોલાવોને
મને પરણાવો એની સાથ[૧૪]

Kalyanum

આમ જશમા કુરૂપ અને કુબડા વર સાથે પરણી તેનો સંસાર માંડે છે. પાટણનો રાજા સિધ્ધરાજ જયસિંહ તેના રૂપમાં મોહાંધ થતાં તેને પોતાની સાથે પરણવા તથા પોતાની રાણી બનાવવા પ્રસ્તાવ મૂકે છે. જશમાને રાજરાણી બનવાનો મોહ નથી. પોતાના કુરૂપ પતિને તે વફાદાર ને પતિવ્રતા એવી પત્ની છે. રાજાના પ્રલોભનોનો તે અસ્વીકાર કરે છે. ક્રોધિત રાજા ધ્વારા રૂડિયાનો વધ થતાં તે સતી થાય છે.

ભારતીય સંસ્કૃતિમાં પતિવ્રતા સ્ત્રીનું એક આગવું સ્થાન છે. જશમા પણ આવું જ એક નીતિ પારાયણ એવું પાત્ર છે. ભવાઈના અન્ય સ્ત્રી પાત્રોની તુલનામાં તે સંયમી પાત્ર છે. જશમા ઓડણનું પાત્ર પ્રેક્ષકોને કરૂણ રસની અનુભૂતિ કરાવે છે.

<u>મણિબા સતીનો વેશ :</u>

મણિબા : ભવાઈનું આ એક બીજું સતી સ્ત્રીનું પાત્ર છે. તે પોતે રાજકુમારી છે. રાજઘરાનાની તે સમયની રૂઢિઓ અનુસાર શૈશુવયમાં તેનું લગ્ન અન્ય રાજયના કુમાર સાથે થયું હતું. મણિબા પોતે પરણેલી છે. એવા જ્ઞાન અને સભાનતા સાથે મોટી થઈ છે. પરિણામે સતિત્વના સંસ્કારનું તેનામાં સીંચન થયું છે. પતિ

સિવાય અન્ય કોઈ પુરૂષાનું દર્શનનહીં કરવાનું તેણે વ્રત લીધું છે. આ રાજકુમારી બાગમાં સર્પદંશને કારણે મૂર્છા પામે છે. તેની મૂર્છાવસ્થા દરમ્યાન એક ફકીર તેને સ્પર્શ કરી સર્પવિષાથી મુકત કરે છે. કુંવરી ભાનમાં આવતાં ફકીરને બક્ષીસ આપવા ઈચ્છે છે. પરંતુ લંપટ ફકીર તેના ઉપકારના બદલામાં કુંવરી સાથે લગ્ન કરવાની ઈચ્છા દર્શાવે છે. મણિબા અને તેની સખી કેતકી ફકીરને હાંકી કાઢે છે. મણિબાનો પતિ – યુવા રાજકુમાર તેના મિત્ર બાદર સાથે બાગમાં આવે છે. કુંવરી તેને રખડુ સમજી કોરડાથી ફટકારે પણ એજ એનો પતિ છે એવી જાણ થતાં લજ્જિત થઈ ક્ષમા યાચે છે. કુંવર અને મણિબાના ફરીવાર લગ્ન યોજાય છે. લગ્ન વિધિ દરમ્યાન મણિબાને ફકીરના સ્પર્શની યાદ તાજી થાય છે. મૂર્છાવસ્થામાં પણ પોતાથી થયેલ આ 'પાપ'ની મનોગ્રંથીથી પીડાતી કુંવરી આત્મહત્યા કરે છે. તે જોઈ કુંવર પણ જીવનનો અંત આણે છે. આમ સતી પ્રથા સતીત્વની ભાવનાના અતિરેકનું દર્શન મણિબાના પાત્ર દ્વારા થાય છે.

<u>રૂપાળી</u> : ભવાઈમાં એક તરફ જશમા અને મણિબા જેવાં ઉમદા ચરિત્ર ધરાવતા સ્ત્રી પાત્રો છે. તો બીજી તરફ રૂપાળી જેવી નખરાળી અને હલકું ચારિત્ર્ય ધરાવતી સ્ત્રીઓ પણ છે. રૂપાળી એક રાજકુંવરને પામવાના પ્રયત્નો કરે છે. તેને કારણે ગેરસમજ ફેલાતાં કુંવરને

દેશવટો મળે છે. રૂપાળી કુંવરનો પીછો છોડતી નથી. સન્યાસીનો સ્વાંગ લઈ કુંવર સાથે વ્યભિચાર કરવાના પ્રયત્નો કરે છે, જેમાં કુંવરના મિત્ર બાદરને કારણે તેને નિષ્ફળતા મળે છે.

સામાજિક વેશોમાં કજોડાના વેશનું ઠકરાણાનું પાત્ર ઝંડા ઝૂલણના વેશની તેજાની જેવી મનોવ્યથા અનુભવતું જણાય છે. જેમકે –

માને બાપને અમે શું કહીએ
જોડું સરખું નવ જોયું,
મારું જોબન અકારણ ખોયું
કર્મે કજોડું મારે જુગમાં વગોણું[95]

ભવાઈમાં જાતજાતનાં પાત્રો છે. કાબાના વેશમાં ગંગાપુરી બ્રાહ્મણને લૂંટતો કાબો, કાબાની પત્ની કાબી (જટડો) મૂળચંદના વરઘોડાના વેશના ગોર, શેઠ શેઠાણી, વગેરે જેવા અનેક પાત્રો જોવા મળે છે.

ભવાઈમાં બ્રાહ્મણ, વાણિયો, કુંભાર, દરજી, વણજારો, સરાણિયો વગેરે પાત્રો દ્વારા વિવિધ વર્ગ કે જ્ઞાતિનાં ગુણદોષોનું દર્શન થાય છે. જેમ કે –

૧) સરાણિયાના વેશમાં સરાણિયાની પત્નીએ પોતાના પતિનું મૃત્યુ થતાં સમાજના નીતિ નિયમોને નેવે મૂકી પોતાના સાવકા દીકરા સાથે

લગ્ન કર્યાં છે.

૨) ઢેડના વેશમાં ઢેડની પત્ની 'નગરી' (અન્ય સાથે વ્યભિચાર કરી આવેલ) થઈ જતાં તેને 'સગરી' કરવા બ્રાહ્મણ આવે છે. ઢેડ અને તેના મિત્ર પાસે અંતરપટ (પડદો) કરાવી પોતે પડદા પાછળ ઢેડની પત્નીને 'સગરી' કરવાની વિધિ (વ્યભિચાર) કરે છે[૧૬]

સંક્ષિપ્તમાં કહીએ તો,

- ભવાઈમાં પાત્રની વિભાવના આધુનિક નાટ્યસ્વરૂપોમાં જોવા મળતી ચરિત્રવિભાવનાથી અલગ તરી આવે છે. ભવાઈમાં નટ મૂળ પાત્રનો આભાસ ઉભો કરતો નથી, પરંતુ મૂળ પાત્રનું નિદર્શન કરે છે.

- ભવાઈની પાત્ર સૃષ્ટિ વિશાળ છે. જેમાં જાતજાતના ચરિત્ર ધરાવતાં પાત્રો જોવા મળે છે.

- ભવાઈમાં વ્યક્તિનું પ્રતિનિધિત્વ કરતાં પાત્રો છે કે જે પરોક્ષ રીતે કોઈ ચોકકસ વર્ગનું પણ પ્રતિનિધિત્વ કરતાં હોય છે.

- ભવાઈમાં એવાં પણ પાત્રો છે જેમની પોતાની કોઈ આગવી કે વ્યક્તિગત ઓળખ નથી ને તેઓ કોઈ વર્ગ કે જ્ઞાતિનું પ્રતિનિધિત્વ કરતાં હોય છે.

## સં..દ..ર્ભ

૧. Bhavai, ડૉ.સુધાબહેન દેસાઈ (૧૯૭૨) પૃ.૧૯૨

૨. એજન પૃ.૧૯૧

૩. ગુજરાતની લોક ભવાઈ, લે.શ્રી હરિલાલ ઉપાધ્યાય, લોકગુર્જરી અંક છઠ્ઠો (૧૯૭૦) પૃ.૩૧

૪. Bhavai, ડૉ.સુધાબહેન દેસાઈ (૧૯૭૨) પૃ.૨૧૩

૫. એજન પૃ.૨૨૭

૬. પ્રો.જનક દવે સાથે તા.૨૩-૧-૯૪ ના રોજ થયેલી રૂબરૂ મુલાકાતના આધારે.

૭. પીંપળ, તા.મહેસાણા તા.૨૪-૧૦-૮૭ ના રોજ રજુ થયેલ પ્રયોગના આધારે.

૮. Bhavai ડૉ.સુધાબહેન દેસાઈ (૧૯૭૨) પૃ.૨૨૧

૯. એજન પૃ.૨૧૮

૧૦. મોટી રત્નાગોરી માતા, કપડવંજ તા.૩-૯-૮૭ ના રોજ રજૂ થયેલ પ્રયોગ આધારે.

Kalpana's

૧૧. પીંપળ તા.મહેસાણા તા.૨૫-૧૦-૮૭ ના રોજ શ્રી બચુભાઈ (છનાલાલ ) નાયક તથા શ્રી હરજીવનદાસ નાયક સાથેની મુલાકાત આધારે.

૧૨. **Bhavai** ડૉ.સુધાબહેન દેસાઈ (૧૯૭૨) પૃ.૨૬૪

૧૩. મોટી રત્નાગોરી માતા તા.૩-૯-૮૭ ના રોજ રજુ થયેલ પ્રયોગના આધારે.

૧૪. મોટી રત્નાગોરી માતા, કપડવંજ તા.૪-૯-૮૭ ના રોજ રજુ થયેલ પ્રયોગના આધારે.

૧૫. **Bhavai** ડૉ.સુધાબહેન દેસાઈ (૧૯૭૨) પૃ.૩૭૯

૧૬. પ્રો.જનક દવે સાથે તા.૨૩-૧-૯૪ ના રોજ થયેલ રૂબરૂ મુલાકાતના આધારે.